## 1. મોડ્યુલની વિગત તથા માળખું

| મોડ્યુલની વિગત | |
|---|---|
| વિષયનું નામ | અર્થશાસ્ત્ર |
| અભ્યાસક્રમનું નામ | ભારતીય આર્થિક વિકાસ 01 (વર્ગ XI, સત્ર - 1 ) |
| મોડ્યુલનું નામ/ શીર્ષક | આઝાદીની પૂર્વ સંધ્યાએ ભારતીય અર્થતંત્ર – ભાગ 1 |
| મોડ્યુલ આઈડી | Keec_10101 |
| પૂર્વશરતો | વસાહતી શાસન રાષ્ટ્રીય આવક, અર્થતંત્રના ક્ષેત્રો જેવા શબ્દો વિશેનું જ્ઞાન |
| હેતુઓ | આ પાઠ પૂર્ણ કર્યા બાદ શીખનાર નીચેની બાબતો સમજી શકશે:<br>• આઝાદી સમયે ભારતીય અર્થતંત્રના વિવિધ લક્ષણો<br>• અવિકસિત ભારતીય અર્થતંત્ર માટેના જવાબદાર કારણો |
| ચાવીરૂપ શબ્દો શબ્દો | ખેતીનું વ્યાપારીકરણ, કપાસ અને શણ કાપડ મિલો, વસ્તી વિષયક સંક્રમણ, હસ્તકલા, શિશુ મૃત્યુ દર, આયુષ્ય, જમીન પતાવટ, રેલવે, ટેલીગ્રાફ, જમીનદારી વ્યવસ્થા |

## 2. વિકાસ જૂથ:

| Role | Name | Affiliation |
|---|---|---|
| National MOOC Coordinator (NMC) | Prof. Amarendra P. Behera | CIET, NCERT, New Delhi |
| Program Coordinator | Dr. Mohd. Mamur Ali | CIET, NCERT, New Delhi |
| Course Coordinator (CC) / PI | Prof. Neeraja Rashmi | DESS, NCERT, New Delhi |
| Course Co-Coordinator / Co-PI | Dr. Janmejoy Khuntia | School of Open Learning, University of Delhi |
| Subject Matter Expert (SME) | Dr. Meera Malhan | Review Team DCAC, University of Delhi |
| Translator | Dr. Heena S. Bharadia | Asst. Professor – Economics, Govt. Arts & Commerce College, Khambhaliya – Dist. Devbhumi Dwarka - Gujarat |

## વિષય સૂચી:

1. પ્રસ્તાવના
2. વસ્તી વિષયક સ્થિતિ
3. વ્યવસાયિક માળખું
4. માળખાગત સુવિધાઓ [ઈન્ફ્રાસ્ટ્રક્ચર]
5. કૃષિની સ્થિતિ
6. ઉધોગોની સ્થિતિ
7. વિદેશ વ્યાપારની સ્થિતિ
8. સારાંશ

## પ્રસ્તાવના:

1947 થી 2017 સુધી આઝાદીના લગભગ સાત દાયકા બાદ પણ ભારત હજી પણ વિશ્વના ઓછી આવકવાળા દેશોમાં સૂચિબધ્ધ છે. ભારતની વર્તમાન આર્થિક સ્થિતિ માટે જવાબદાર મુખ્ય પરિબળોમાં એક ઐતિહાસિક વિકાસ છે જેનો દેશે અનુભવ કર્યો છે. લગભગ બસ્સો વર્ષના શાસન પછી 1947 માં જ્યારે બ્રિટિશરોએ ભારત છોડી દીધું ત્યારે ભારત સરકારને જે અર્થતંત્ર વારસામાં મળ્યું તે તેમના શોષણનું પરિણામ હતું. આથી બ્રિટિશ સરકારના અધ્યક્ષ સ્થાને થયેલી આર્થિક વિકાસનો અભ્યાસકરવો જરૂરી છે. આપણું વિશ્લેષણ આઝાદી સમયે વસ્તી વિષયક સ્થિતિ, વ્યવસાયિક માળખા અને માળખાગત સુવિધાઓ, કૃષિ પરિસ્થિતિ, ઔધોગિક પરિસ્થિતિ અને ભારતમાં વિદેશી વેપાર પર ધ્યાન કેન્દ્રિત કરશે.

## વસ્તી વિષયક સ્થિતિ

અર્થતંત્રની વસ્તી વિષયક સ્થિતિનો અભ્યાસ વિવિધ મથાળાઓ હેઠળ કરવામાં આવે છે. જેમ કે વસ્તીનો વિકાસ, સાક્ષરતાનું સ્તર, મૃત્યુદર વગેરે. ભારતમાં પ્રથમ ગણતરી 1872 માં બિન-સુસંગત રીતે કરવામાં આવી હતી. પરંતુ બ્રિટિશ ભારતની વસ્તી વિશેની વિવિધ વિગતો સૌ પ્રથમ 1881 માં વસ્તી ગણતરી દ્વારા એકત્રિત કરવામાં આવી હતી. કેટલીક મર્યાદાઓ હોવા છતાં, તેણે ભારતની વસ્તી વૃદ્ધિમાં અસમાનતા જાહેર કરી હતી. ત્યારબાદ, દર દસ વર્ષે આ પ્રકારની વસ્તી ગણતરીની કામગીરી કરવામાં આવતી હતી.

**વસ્તી વિષયક સંક્રમણ સિધ્યાંતના ત્રણ તબક્કા હોય છે:**
**પ્રથમ તબક્કો: જયારે જન્મ દર અને મૃત્યુ દર બન્ને ઊંચા હોય છે**
**બીજો તબક્કો: જયારે જન્મ દર ઉંચો હોય છે અને મૃત્યુ દર નીચો હોય છે**
**ત્રીજો તબક્કો: જયારે જન્મ દર અને મૃત્યુ દર બન્ને નીચા હોય છે.**

તેની સરખામણી વસ્તી વિષયક સંક્રમણના સિદ્ધાંત સાથે કરતાં, સરળતાથી ચકાસી શકાય છે કે 1881 થી 1921 ની વચ્ચે, ભારત વસ્તી વિષયક સંક્રમણના પહેલા તબક્કામાં હતું. આ સમયગાળા દરમિયાન વસ્તીનો વધારો નજીવો હતો કારણ કે જન્મદર અને મૃત્યુદર બંને એકબીજાની નજીક હતા. વસ્તી વિષયક સંક્રમણનો બીજો તબક્કો 1921 પછી શરૂ થયો જેમાં વસ્તીમાં વૃદ્ધિ જોવા મળી. બીજા તબક્કામાં ઉચ્ચ જન્મ દર અને નીચા મૃત્યુ દર નોંધવામાં આવેલ છે. જેથી વસ્તી ખૂબ ઝડપથી વૃદ્ધિ પામી

હતી. 1951 માં સ્વતંત્ર ભારતની પ્રથમ વસ્તી ગણતરીથી 1921 ની વચ્ચે વસ્તી લગભગ 25 કરોડથી વધીને લગભગ 36 કરોડ થઈ હતી. તેથી, આઝાદી સમયનું ભારત પહેલેથી જ વસ્તીના ભારે દબાણના જોખમમાં હતું.

સાક્ષરતા દર અને મૃત્યુદર જેવા વિવિધ સામાજિક વિકાસ સૂચકાંકો પણ બિલકુલ સંતોષકારક નહોતા. એકંદરે સાક્ષરતાનું પ્રમાણ 16 ટકાથી ઓછું હતું. આમાંથી સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ લગભગ સાત ટકા જેટલું નજીવું હતું. એકંદરે મૃત્યુ દર ખૂબ ઉંચો હતો, અને તેમાંયે ખાસ કરીને શિશુ મૃત્યુ દર ખુબ ચિંતાજનક - આશરે 218 દર હજારે હતો, જેની સરખામણીમાં આ દર વર્ષ 2016 માં દર હજારે 41 હતો. તે સમય દરમ્યાન આયુષ્ય દર પણ ખુબ નીચો - 32 વર્ષ હતો, જેની સરખામણીમાં આયુષ્ય દર વર્ષ 2016 માં 69 વર્ષનો હતો. આ સૂચવે છે કે જાહેર આરોગ્ય સુવિધાઓ તદ્દન અપૂરતી હતી. પરિણામે, પાણી અને વાયુજન્ય રોગો પ્રબળ બન્યા હતા અને લોકોને ભારે હાલાકી વેઠવી પડી હતી.

## વ્યવસાયિક માળખું:

વ્યવસાયિક માળખું વિવિધ ઉદ્યોગો અને ક્ષેત્રોમાં કાર્યરત વ્યક્તિઓના વિતરણના સંદર્ભમાં જોવામાં આવે છે. બ્રિટીશ શાસન દરમિયાન તેમાં પરિવર્તનનું પ્રમાણ બહુ ઓછું હતું. સંખ્યાબળની દ્રષ્ટીએ કૃષિ ક્ષેત્ર સૌથી ઉચ્ચ હિસ્સા સાથે અંદાજે 70-75 ટકાની ઉંચી સપાટીએ હતું જ્યારે ઉત્પાદન અને સેવા ક્ષેત્રનો હિસ્સો ક્રમશ માત્ર 10 અને 15-20 ટકા હતો. વિવિધ વિકસિત અર્થતંત્રોમાં એવું જોવા મળ્યું છે કે જેમ જેમ આર્થિક વિકાસનો દર ઉંચો હોય છે તેમ તેમ મજૂરોનું સંખ્યાબળનું કૃષિ ક્ષેત્રમાંથી ઔધોગિક ક્ષેત્રમાં અને સેવા ક્ષેત્રમાં જવાનું પ્રમાણ વધારે હોય છે. ભારતના વ્યવસાયિક માળખામાં આ વલણ બ્રિટિશ શાસનની બે સદીઓ દરમિયાન સમાપ્ત થઇ ગયું હતું જે સૂચવે છે કે ભારત આઝાદીના સમયે મુખ્યત્વે કૃષિ આધારિત અર્થવ્યવસ્થા રહ્યું હતું. આ માટે બે મહત્વપૂર્ણ પરિબળો જવાબદાર છે. પહેલું પરિબળ, બ્રિટિશરોના આક્રમણ પહેલા, ભારતીય હસ્તકલા ઉધોગો મોગલ સામ્રાજ્ય અને સ્થાનિક રાજાઓ અને શાસકો હેઠળ વિકસ્યા. જ્યારે બ્રિટિશરોએ દેશ પર આક્રમણ કર્યું, ત્યારે તેઓએ મોગલ સામ્રાજ્યને પરાજિત કરી અને સ્થાનિક રાજાઓ અથવા શાસકોને હરાવી હસ્તકલા ઉધોગોનો નાશ કર્યો. પરિણામે, આ ઉધોગોમાં કામ કરતા મજૂરોને ગ્રામીણ વિસ્તારો તરફ જઈને કૃષિને તેમની મુખ્ય આજીવિકાના સાધન તરીકે અપનાવવાની ફરજ પડી હતી. બીજું પરિબળ, ભારતમાં બ્રિટીશ વહીવટીતંત્રે ઇંગ્લેન્ડમાં ચાલતા ઉધોગો માટે જરૂરી કાચો માલ પૂરો પાડવા રોકડમાં પૈસા આપીને ખેતીમાં કામ કરવા લોકોને પ્રોત્સાહિત કર્યા. તેથી ભારતમાં કૃષિ મોટો વ્યવસાય રહ્યો.

કાર્ય બળના વિતરણમાં પણ પ્રાદેશિક વિવિધતા નોંધપાત્ર હતી. મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ અને તત્કાલીન મદ્રાસ પ્રાંતના કેટલાક ભાગો, જેમાં હાલના રાજ્યોના તમિળનાડુ, આંધ્રપ્રદેશ, કેરળ અને કર્ણાટકના વિસ્તારોનો સમાવેશ થાય છે, ત્યાં કૃષિ ક્ષેત્રમાં કાર્યરત મજુરોની ટકાવારીમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો, તો ઉત્પાદન અને સેવા ક્ષેત્રોમાં મજૂરોની સંખ્યામાં વધારો થયો હતો. બીજી તરફ, ઓરિસ્સા, રાજસ્થાન અને પંજાબ જેવા અન્ય રાજ્યોમાં તે જ સમયગાળા દરમિયાન કૃષિ ક્ષેત્રમાં કાર્યશક્તિના હિસ્સામાં વધારો નોંધાયો હતો.

## માળખાગત સુવિધાઓ:

બ્રિટિશ શાસનનું એકમાત્ર સકારાત્મક પાસું એ છે કે તેઓએ રેલવે, બંદરો, જળ પરિવહન, ટપાલ અને ટેલિગ્રાફ જેવી મૂળભૂત માળખાકીય રચનાઓ વિકસાવી હતી. 1850 માં ભારતમાં રેલ્વેની શરુઆત એ

તેમનું સૌથી મહત્વપૂર્ણ યોગદાન માનવામાં આવે છે. રાષ્ટ્રીય એકીકરણમાં રેલ્વેની મુખ્ય ભૂમિકા હતી કારણ કે તેનાથી ભારતના લોકો લાંબા અંતરની મુસાફરી કરતા થયા હતા અને તેને લીધે ભૌગોલિક અને સાંસ્કૃતિક અવરોધોને તોડી શક્યા હતા.

જો કે, આ વિકાસ પાછળનો વાસ્તવિક હેતુ નીચેની રીતે વિવિધ વસાહતી હિતોને મજબુત બનાવવાનો હતો.

1. દેશભરમાંથી કાચા માલને નજીકના બંદર અને ત્યાંથી ઇંગ્લેન્ડ લઇ જવા માટે રેલ્વે અને રસ્તાઓની જરૂર હતી. આ કાચો માલ, ઇંગ્લેન્ડ પહોંચ્યા પછી ત્યાંના ઉધોગોમાં પ્રક્રિયા કરી તેમાંથી તૈયાર માલનું ઉત્પાદન કરતા હતા. ત્યારબાદ આ માલ ફરી ભારત અને અન્ય બ્રિટીશ શાસન હેઠળના દેશોમાં પરત નિકાસ કરવામાં આવતો હતો. એકવાર તૈયાર માલ ભારતના બંદરો પર પહોંચ્યા પછી, તેને ઊંચા ભાવે ભારતીય ગ્રાહકોને વેચવા માટે રોડ માર્ગ અને રેલ્વે નેટવર્ક દ્વારા દેશના વિવિધ ભાગોમાં પહોંચાડવામાં આવતો. આમ ભારત બ્રિટિશ માલનું મોટું બજાર બન્યું. તેથી કાચા માલના સપ્લાયર અને બ્રિટિશ માલના ગ્રાહક તરીકે, ભારતને “ભૂખ સંતોષનાર અર્થતંત્ર” (ફીડર ઇકોનોમી) કહેવામાં આવતું

2. આપણે જાણીએ છીએ તેમ બ્રિટિશરોએ અન્ય દેશોમાં પણ પોતાની વસાહતો કરી હતી અને જ્યાં તેઓ યુદ્ધ લડતા હતા. યુદ્ધ લડવા માટે મજબુત સૈન્ય બનાવવા હંમેશા લોકોની ભરતી કરતા હતા. તેથી ભારતમાં સૈન્યને એકત્રીત કરવા માટે માર્ગ અને રેલ્વે નેટવર્ક બનાવવું જરૂરી હતું.

3. રસ્તા અને રેલ્વે નેટવર્કનો ઉપયોગ તૈયાર માલ અને અન્ય વસ્તુઓ બંદર પર પહોંચાડવા માટે પણ કરવામાં આવતો હતો જ્યાંથી આ આગળ અન્ય બ્રિટીશ વસાહતો અને દેશોમાં નિકાસ કરવામાં આવતી હતી. આ રીતે બ્રિટીશ વહીવટીતંત્રે મોટા પ્રમાણમાં વિદેશી હુંડીયામણ મેળવ્યું હતું.

4. બ્રિટિશ શાસન દરમ્યાન જે પણ માળખાગત રચના કરવામાં આવી હતી, તેનો ભારતને ખાસ ફાયદો થયો ન હતો કારણ કે આવી સુવિધાઓ અપૂરતી અને મર્યાદિત હતી. તે એ હકીકતથી સ્પષ્ટ થાય છે કે ગ્રામીણ વિસ્તારોમાં પહોંચવા માટે બધી ઋતુઓમાં ટકી શકે તેવા અને ખાસ કરીને વરસાદની ઋતુમાં ટકી શકે તેવા રસ્તાઓની હંમેશાંથી અછત રહી હતી. મોટાભાગનું ગ્રામીણ ભારત મુખ્ય શહેરોથી હંમેશા અલિપ્ત રહ્યું હતું. પરિણામે આ વિસ્તારોમાં રહેતા લોકોએ બ્રિટિશ કાળ દરમિયાન વારંવાર થતી કુદરતી આફતો અને દુષ્કાળ દરમ્યાન ભારે પીડા સહન કરી હતી. આમ, રેલ્વેના આગમનને કારણે ભારતીય લોકોએ જે સામાજિક લાભ મેળવ્યો હતો, તે દેશની અન્ય આર્થિક ખોટને લીધે કોઈ કામનો રહ્યો ન હતો.

રસ્તાઓ અને રેલ્વે ઉપરાંત, વસાહતી શાસનના વિસ્તરણ માટે પણ અંતર્દેશીય વેપાર અને દરિયાઇ માર્ગો વિકસાવવા માટેના પગલા લેવામાં આવ્યા હતા. જો કે, આ પગલાં બિલકુલ સંતોષકારક ન હતા. અંતર્દેશીય જળમાર્ગો કેટલીકવાર, બિનઆર્થિક પણ સાબિત થયા. ઉદાહરણ તરીકે, ઓરિસ્સાના દરિયાકાંઠે કોસ્ટ કેનાલનો દાખલો. આમ તો કેનાલ મોટા ખર્ચે સરકારી તિજોરીમાંથી બનાવવામાં આવી હતી, પરંતુ તેનો ઉપયોગ ખૂબ જ મર્યાદિત અથવા ન બરાબર હતો. તેનું મુખ્ય કારણ એ છે કે તે આ વિસ્તારમાં કેનાલની સમાંતર ચાલતા રેલ્વે સાથે સ્પર્ધા કરવામાં ટૂંક સમયમાં જ

નિષ્ફળ ગયો હતો. અંતે આ પ્રોજેક્ટ ત્યજી દેવામાં આવ્યો હતો ભારતમાં બ્રિટીશરો દ્વારા માળખાગત નિર્માણમાં બીજો મહત્વપૂર્ણ વિકાસ એ ટેલિગ્રાફની શરૂઆત વડે દુરસંચાર વ્યવસ્થાની સ્થાપના હતી.

1850 માં, કલકત્તા (હાલ કોલકાતા) અને ડાયમંડ હાર્બર વચ્ચે પ્રથમ પ્રાયોગિક ઇલેક્ટ્રિક ટેલિગ્રાફ લાઇન શરૂ થઈ હતી. 1851 માં, તે બ્રિટીશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના ઉપયોગ માટે ખોલવામાં આવી હતી. 1853 માં ભારતના કેટલાક ભાગો ટેલિગ્રાફ લાઇનો દ્વારા જોડાયેલા હતા જેમાં કોલકાતા (ત્યારબાદ કલકત્તા) અને પેશાવર, આગ્રા, મુંબઇ (તત્કાલ બોમ્બે) અને ચેન્નાઈ (તે સમયે મદ્રાસ) નો સમાવેશ થાય છે. 1854 માં લોકોને અલગ અલગ ટેલિગ્રાફ સુવિધા આપવા માટે એક અલગ વિભાગ ખોલવામાં આવ્યો. દેશમાં પ્રથમ ઔપચારિક ટેલિફોન સેવાની સ્થાપના 1881 માં કરવામાં આવી હતી જ્યારે ઇંગ્લેન્ડની ઓરિએન્ટલ ટેલિફોન કંપની લિમિટેડને કલકત્તા, બોમ્બે, મદ્રાસ અને અમદાવાદમાં ટેલિફોન એક્સચેંજ સ્થાપવા માટેનું લાઇસન્સ આપવામાં આવ્યું હતું. ઇલેક્ટ્રિક ટેલિગ્રાફ સેવા એક મહત્વપૂર્ણ શોધ હતી, તેમ છતાં, તેનો ઉપયોગ મોટાભાગે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે થતો હતો. હકીકતમાં, ટેલિગ્રાફ અને પોસ્ટલ બંને સેવાઓ, જાહેર હેતુ માટે વાપરવાના બદલે ખુબ માર્યાદિત કરવામાં આવી હતી.

## કૃષિની સ્થિતિ:

બ્રિટિશરો ભારતમાં આવ્યા તે પહેલા દેશની કૃષિ વ્યવસ્થા ખુબ સંતોષકારક હતી. ફ્રેન્ચ પ્રવાસી બર્નીઅરના જણાવ્યા મુજબ, બંગાળમાં સંશોધન અને સિંચાઈ માટે ગંગામાંથી નીકળતી નહેરો અસંખ્ય હોવાનું બહાર આવ્યું છે, જે બંગાળ પોતાના વપરાશ માટે ઘઉં, શાકભાજી, અનાજ, પક્ષીઓ, બતક અને હંસ ઉત્પન્ન કરતું હતું. આ ઉપરાંત તે વિપુલ પ્રમાણમાં કપાસ અને રેશમ, ચોખા, ખાંડ અને માખણની પણ નિકાસ કરતુ હતું. ત્યાં ડુક્કરનાં પુષ્કળ ટોળા, ઘેટાં અને બકરાનાં ટોળાં અને દરેક પ્રકારની માછલીઓ હતી. બર્નીઅર મુજબ, તે સમયનું બંગાળ ઇજિપ્ત કરતા પણ વધુ સમૃદ્ધ હતું.

જો કે, આનાથી ઉલટું, ભારતીય કૃષિક્ષેત્ર બ્રિટીશ શાસન હેઠળ અસ્થિરતાનો ભોગ બન્યું હતું. વાવેતર હેઠળની જમીનના વિસ્તરણને કારણે ઉત્પાદનમાં કેટલાક સુધારણા બાદ કરતા, કૃષિ ક્ષેત્રમાં એકંદરે ઉત્પાદકતા ખુબ ઓછી રહી હતી. તેના માટે ઘણા પરિબળો જવાબદાર હતા. પ્રથમ પરિબળ , શહેરી વિસ્તારોમાં હસ્તકલા ઉદ્યોગોના વિનાશથી લોકોને ગ્રામીણ વિસ્તારોમાં સ્થાયી થવા અને ખેતીને મુખ્ય વ્યવસાય તરીકે અપનાવવાની ફરજ પડી. બીજું પરિબળ, ઇંગ્લેંડના ઉદ્યોગોને ભારતમાંથી કાચો માલ જેમ કે ગળી, કપાસ વગેરેની જરૂરિયાત હતી. આ માટે બ્રિટીશ એજન્ટો આ કાચો માલ ખેડુતો પાસેથી રોકડ ચૂકવીને ખરીદતા હતા. તેથી, રોકડથી આકર્ષાયને ખેડૂતોએ આ પાકની ખેતી શરૂ કરી હતી પરિણામે અનાજ ઉત્પાદનના સંસાધનો નું આ પ્રકારના પાકોમાં સ્થાનાંતર થયું હતું. 'પાક માટે રોકડ' ના આ વિકાસને "ભારતીય કૃષિનું વ્યવસાયિકરણ" કહેવામાં આવે છે. ત્રીજું પરિબળ, ઉપરોક્ત બંને પરિબળોએ કૃષિક્ષેત્ર પર આધારિત વસ્તીનું 85 ટકા સાથે ભારે દબાણ સર્જ્યું હતું. આઝાદી વખતે આ આંકડો લગભગ 75 ટકા હતો, જે હજી ખૂબ વધારે હતો. ભારે વસ્તી દબાણ મોટા પ્રમાણમાં બેરોજગારી માટે પણ જવાબદાર હતું. ચોથું પરિબળ, વસાહતી સરકારે જમીન મહેસૂલ એકત્રિત કરવા માટે બંગાળ પ્રાંતમાં જમીન પતાવટની જમીનદારી પ્રથા રજૂ કરી. આજ પ્રકારના ઉપાયો દેશના અન્ય ભાગોમાં પણ અમલી કરવામાં આવ્યા હતા. આ જમીનદારોને ખેડૂતો પાસેથી ચોક્કસ રકમ એકત્રિત કરવા અને જમા કરવા જણાવ્યું હતું અને જો તેમાં નિષ્ફળ જાય તો તેમનો અધિકાર ગુમાવવો પડતો હતો . તેથી, જમીનદારોએ ગરીબ ખેડૂતોના વિકાસ માટે કામ કરવાને બદલે મહેસૂલ સંગ્રહના લક્ષ્યાંકને પહોંચી

વળવા બળના ઉપયોગ સહિતના તમામ સાધનો અજમાવ્યા હતા. પાંચમું પરિબળ, નીચી કક્ષાની તકનીકીઓ, સિંચાઇ સુવિધાઓનો અભાવ અને ખાતરોનો નહિવત્ ઉપયોગ, આ બધી બાબતોએ ખેડુતોની દુર્દશામાં વધારો કર્યો અને કૃષિ ઉત્પાદકતાને નીચલા સ્તરે પહોંચાડી. છઠ્ઠું પરિબળ, અવિભાજિત ભારતની વધારે સિંચાઈવાળી અને ફળદ્રુપ જમીનનો એક મોટો હિસ્સો પાકિસ્તાનના ફાળે ગયો. ભારતનો શણ ઉદ્યોગ કે જેણે તે સમયે વિશ્વ બજારમાં એકાધિકાર જમાવ્યો હતો, તેની પણ દુર્દશા થઇ કારણ કે શણ ઉત્પન્ન કરતું લગભગ આખું ક્ષેત્ર પૂર્વ પાકિસ્તાન (હાલ બાંગ્લાદેશ) નો ભાગ બની ગયું.

## ઉદ્યોગોની સ્થિતિ:

ઓગણીસમી સદીના બીજા ભાગમાં બ્રિટિશ શાસન દરમ્યાન કેટલાક આધુનિક ઉદ્યોગો ઉભરી આવ્યા હતા. શરૂઆતમાં, આ વિકાસ કપાસ અને શણની  કાપડ મિલોની સ્થાપના સુધી મર્યાદિત હતો. સુતરાઉ કાપડ મિલો મોટે ભાગે દેશના પશ્ચિમ ભાગોમાં એટલે કે મહારાષ્ટ્ર અને ગુજરાતમાં સ્થિત હતી, જ્યારે શણની મિલો મુખ્યત્વે બંગાળમાં કેન્દ્રિત હતી. સુતરાઉ મિલો મોટાભાગે ભારતીયોની જ હતી, જ્યારે શણની મિલો મોટા ભાગે વિદેશી માલિકીની હતી. જોકે, સૌથી નોંધપાત્ર વિકાસ, વીસમી સદીની શરૂઆતમાં થયો જ્યારે ટાટા આયર્ન અને સ્ટીલ કંપની (ટીસ્કો) ની સ્થાપના 1907 માં થઈ. ખાંડ, સિમેન્ટ, કાગળ વગેરે ક્ષેત્રોમાં કેટલાક અન્ય ઉદ્યોગો પણ બીજા વિશ્વ યુદ્ધ. પછી સ્થપાયા.

જો કે, ભારતમાં વધુ ઔદ્યોગિકરણને પ્રોત્સાહન આપવા માટે મશીન ટૂલ્સના ઉત્પાદન જેવા મૂડીગત ઉદ્યોગો ભાગ્યે જ કોઈ હતા. તેથી, ભારતે કૃષિની જેમ ઔદ્યોગિક ક્ષેત્રે પણ  સારુ પ્રદર્શન કર્યું ન હતું. અગાઉ જણાવ્યું તેમ બ્રિટીશરોના આગમનને લીધે, આંતરિક યુધ્ધો વધ્યા જેના કારણે હસ્તકલા ઉદ્યોગોનો વિનાશ થયો. આનાથી બેરોજગારીની મોટી સમસ્યા ઉભી થઈ અને લોકોને ગ્રામીણ વિસ્તાર તરફ પરત ફરવા અને ખેતીને વ્યવસાય તરીકે અપનાવવાની ફરજ પડી, જેના પરિણામે કૃષિ પર ભારે બોજો ઉભો થયો. છુટા છવાયા કેટલાક ઉત્પાદન એકમોની સ્થાપના વિશાળ પાયા પર વિકસેલા પરંપરાગત હસ્તકલા ઉદ્યોગોનો કોઈ વિકલ્પ નહોતો. તદુપરાંત, નવા ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ દર અને સકલ ઘરેલું ઉત્પાદન (જીડીપી) માં તેનું યોગદાન ખૂબ ઓછું રહ્યું હતું. હકીકત એ છે કે ભારતમાં વસાહતી નીતિ બે ચોક્કસ કારણોસર ઔદ્યોગિકરણની વિરુદ્ધ હોવાનું જણાયું છે. પ્રથમ, ભારતને બ્રિટનમાં સ્થાપનાર  આધુનિક ઉદ્યોગો માટેના મહત્વપૂર્ણ કાચા માલના માત્ર નિકાસકારની સ્થિતિમાં પહોંચાડવું અને બીજું, તે ઉદ્યોગોના તૈયાર ઉત્પાદનો માટે ભારતને એક વ્યાપક બજારમાં ફેરવવું.

## વિદેશ વ્યાપારની સ્થિતિ:

કૃષિ અને ઔદ્યોગિક ક્ષેત્રે પ્રવર્તતી પરિસ્થિતિઓની અસર દેશના વિદેશી વેપારને થઇ. કૃષિના વેપારીકરણથી ભારતને કાચા રેશમ, કપાસ, ઉન, ખાંડ, ગળી, શણ વગેરે જેવા પ્રાથમિક ઉત્પાદનોના નિકાસકાર બનવાની ફરજ પડી હતી. નિકાસનું મુખ્ય સ્થળ ઇંગ્લેન્ડ હતું જ્યાં ઉદ્યોગો આ કાચા માલનો ઉપયોગ તૈયાર માલના ઉત્પાદન માટે અને ફરીથી ભારતમાં નિકાસ કરવા માટે કરતા હતા. ભારત પાસે તૈયાર  ચીજવસ્તુઓના ઉત્પાદન માટે પૂરતા ઉદ્યોગો ન હોવાથી, તે કપાસ, રેશમ અને ઉનના કપડા જેવા માલની આયાતકાર દેશ બન્યો હતો અને હળવી મશીનરી જેવી મૂડીગત ચીજવસ્તુઓ બ્રિટનમાં બનતી હતી. તેથી તમામ વ્યવહારિક હેતુઓ માટે, બ્રિટને ભારતની નિકાસ અને આયાત પર સંપૂર્ણપણે અધિકાર જમાવ્યો હતો. એવું જાણવા મળે છે  કે ભારતનો અડધાથી પણ વધુ વિદેશ વેપાર ફક્ત બ્રિટન સાથે માર્યાદિત હતો. 1869 માં સુએઝ કેનાલની શરૂઆતથી ભારતના વિદેશી વેપાર ઉપર બ્રિટિશ

નિયંત્રણ વધુ તીવ્ર બન્યું. ભારત નિકાસ વધારાની સ્થિતિ ધરાવતું હતું છતાં, બ્રિટીશ વહીવટીતંત્ર દ્વારા સુવર્ણ અથવા વિદેશી ચલણનો સંગ્રહ થયો ન હતો, કારણકે તેનો ઉપયોગ બ્રિટનમાં વસાહતી સરકાર દ્વારા સ્થાપિત કચેરીઓના ખર્ચની ચુકવણી માટે, યુદ્ધો પરના ખર્ચ વસુલવા માટે, બ્રિટીશ સરકાર દ્વારા વિશ્વના વિવિધ ભાગોમાં વસાહતીકરણ અને અન્ય વસ્તુઓની આયાત કરવા માટે કરવામાં આવતો હતો. આ રીતે અંગ્રેજોએ વિદેશી વેપારનો ઉપયોગ ભારતની સંપત્તિ લુંટવા માટે કર્યો.

ભારતના જે અન્ય દેશો સાથે વેપાર સંબંધ હતા તેમાં ચીન, સિલોન (શ્રીલંકા) અને પર્સિયા (ઈરાન) નો સમાવેશ થાય છે.

## સારાંશ:

ભારતે વસ્તી વિષયક સંક્રમણના બીજા તબક્કામાં પ્રવેશ કરી લીધો હતો, જેની શરૂઆત 1921 ની વસતી ગણતરીથી થઈ હતી. જીવન સ્તરનું ધોરણ કે જે સાક્ષરતા અને આરોગ્ય સેવાઓ દ્વારા દર્શાવવામાં આવે છે તે ખુબજ નબળું હતું. 84 ટકા જેટલી વસ્તી નિરક્ષર હતી, જ્યારે આયુષ્ય 32 વર્ષ જેટલું ઓછું હતું. શિશુ મૃત્યુ દર ભયંકર રીતે દર હજારે 281 હતો. બ્રિટિશ વહીવટીતંત્ર દ્વારા ભારતમાં સ્થાપવામાં આવેલ રેલ્વે એ એક મહત્વપૂર્ણ માળખાકીય સુવિધા છે. જો કે, તેનો મુખ્ય હેતુ ભારતના લોકો કરતાં વસાહતી હિતની સેવા માટે કાચો માલ અને સૈન્યની પરિવહન કરવાનો વધારે હતો. ભારતના કુલ કાર્યબળનો લગભગ ત્રણ ચતુર્થાં ભાગ કૃષિ પર આધારીત છે આમ દેશને પ્રાથમિક ઉત્પાદન અને ઔદ્યોગિક ધોરણે પછાત બનાવ્યો હતો. ભારે વસ્તીના દબાણ, જમીનદારી પ્રણાલીના વ્યાપ અને વ્યાપારીકરણને લીધે ભારતીય કૃષિને ખુબ નુકસાન થયું. બ્રિટન ભારતનો મોટો વેપારી ભાગીદાર રહ્યો અને ભારતની સંપત્તિને લુંટવા માટે વિદેશ વેપાર દ્વારા શોષણ કર્યું.